**Document of Library**

**GUJARAT BILL NO 37 OF 2001**

# THE GUJARAT PUBLIC LIBRARIES BILL 2001

**A BILL**

**to provide for the promotion and development of public libraries in the state of gujarat and for that purpose consttitute State Library Development Council and for matters connected therewith or incidental thereto.**

ગુજરાત વિધાનસસભાના નિયમોના નિયમ-૧૨૭-અના પરંતુ અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિધ્ધ કર્યું છે.

સન ૨૦૦૧નું ગુજરાત વિધેયક ક્રમાંક ૩૭

# ગુજરાત જાહેર ગ્રંથાલય વિધેયક -૨૦૦૧

ગુજરાત રાજયમાં જાહેર ગ્રંથાલયોને ઉત્તેજન અને વિકાસ માટે અને તે હેતુ માટે રાજય ગ્રંથાલય વિકાસ પરિષદની રચના કરવાની અને તેની સાથે સંકળાયેલ અથવા તેને આનુષંગિક બાબતો માટે જોગવાઇ કરવા બાબત વિધેયક. આથી, ભારતના ગણરાજયના બાવનમાં વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે.

- પ્રકરણ - ૦૧
  પ્રારંભિક
- પ્રકરણ - ૦૨
  રાજય ગ્રંથાલય વિકાસ પરિષદ
- પ્રકરણ - ૦૩
  જાહેર ગ્રંથાલયોના નિયામક
- પ્રકરણ - ૦૪
  જાહેર ગ્રંથાલય પધ્ધતિ
- પ્રકરણ - ૦૫
  જાહેર ગ્રંથાલય માટે નાણા
- પ્રકરણ - ૦૬
  જાહેર ગ્રંથાલયો અને જાહેર ગ્રંથાલય સંઘોની માન્યતા બાબત
- પ્રકરણ - ૦૭
  અહેવાલ અને પત્રકો
- પ્રકરણ - ૦૮
  પ્રકીર્ણ

- ઉદ્દેશો અને કારણો

- નાણાંકીય યાદી

- ધારાકીય સત્તા સૌપવાની યાદી

# પ્રકરણ -૧
# પ્રારંભિક

1. (૧) આ અધિનિયમ "ગુજરાત જાહેર ગ્રંથાલય અધિનિયમ-૨૦૦૧" કહેવાશે.
(૨) તે સમગ્ર ગુજરાત રાજયને લાગુ પડે છે.
(૩) તે રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામા ધ્વારા નકકી કરે તે તારીખે અમલમાં આવશે

2. આ અધિનિયમમાં સંદર્ભથી અન્યતા અપેક્ષિત ન હોય તો
**(ક) "પુસ્તક"માં નીચેનાનો સમાવેશ થાય છે.**

(૧) કોઇ ભાષાનો દરેક ગ્રંથ તેનો ભાગ અથવા વિભાગ અને પુસ્તિકા

(૨) કોઇપણ સ્વરૂપમાંની હસ્તપ્રત

(૩) અલગ છાપેલા અથવા લીથો-મુદ્રિત દરેક સંગીત, પત્ર, નકશા, ગ્રાફ, ચાર્ટ અથવા પ્લાન

(૪) વર્તમાનપત્રો, સામાયિકો, ચિત્રો, પોસ્ટર્સ, ફોટોગ્રાફસ, ફોટોગ્રાફિક રીપ્રોડકશન, ગ્રામોફોનિક રેકર્ડસ, ઓડિયો-વિડિયો ટેપ્સ, કોમ્પેકટ ડિસ્ક, સ્લાઇડસ, દ્રશ્યશ્રાવ્ય માહિતી માટેની માઇક્રો ફિલ્મ અને ફિલ્મ પટકથા અને તેવી બીજી સામગ્રી
(૫) કોઇપણ પ્રકારનું કોમ્પ્યુટર આઉટપુટ અને કોમ્પ્યુટર પ્રોગ્રામ્સ

**(ખ) "પુસ્તક સેવા કેન્દ્ર" એટલે જયાં પુસ્તકો જમા કરવામાં આવતા હોય અને લોકો પુસ્તકો ઉછીના લઇ શકે તેવું કેન્દ્ર**

**(ગ) "પુસ્તક સેવા કેન્દ્ર" એટલે જયાં ફરતા પુસ્તકાલયમાંથી લોકો પુસ્તકો ઉછીના લઇ શકે તેવું કેન્દ્ર**

**(ઘ) "પરિષદ" એટલે કલમ - ૩ હેઠળ રચાયેલ ગુજરાત રાજય ગ્રંથાલય વિકાસ પરિષદ**

**(ચ) "નિયામક" એટલે જાહેર ગ્રંથાલય નિયામક**

**(જ) "શિક્ષણ સમિતિ" એટલે ગુજરાત, પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ ૧૪૫ની પેટા કલમ (૧) ના ખંડ (૩) હેઠળ રચાયેલ જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિ**

**(ઝ) "વિસ્તરણ સેવા" એટલે અને તેમાં સાંસ્કૃતિક વારસાના જતન અને ઉતેજના અને સમાજના બૌધ્ધિક સાહિત્યક અને વૈજ્ઞાનિક ચારિત્રયને પ્રોત્સાહન આપવાને લગતી પ્રવૃતિઓનો સમાવેશ થાય છે.**

**(ટ) "ગ્રંથાલય" એટલે અને તેમાં પુસ્તકોનો સંગ્રહ, ગ્રંથાલય સેવા અથવા વિસ્તરણ સેવા પુરી પાડતા પુસ્તક જમા કેન્દ્ર અથવા પુસ્તક સેવા કેન્દ્રનો સમાવેશ થાય છે.**

**(ઠ) "ગ્રંથાલય સેવા" એટલે અને તેમાં, ગ્રંથાલયના સભ્યોને વાંચન સુવિધા પૂરી પાડવાના પુસ્તકો ઉછીના આપવાનો અને વાચકોને પુસ્તક અને સંબંધિત માહિતી મેળવવામાં મદદ કરવાનો સમાવેશ થાય છે.**

**(ડ) “ગ્રંથાલય સભ્ય" એટલે ગ્રંથાલયના રજિસ્ટર થયેલા સભ્યો**

**(ઢ) “સ્થાનિક સત્તામંડળ" એટલે મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકા, જાહેર કરેલ વિસ્તાર સહિતની પંચાયત અને સ્થાનિક સત્તામંડળ હેઠળના કાયદા હેઠળ રચાયેલ કોન્ટોન્મેન્ટ**

**(ત) “નગરપાલિકા શાળા મંડળ" એટલે મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-૧૯૪૭ની કલમ-૨ની પેટા કલમ(૨)ના ખંડ (૨)માં વ્યાખ્યાયિક કર્યા પ્રમાણેનું મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ**

**(થ) “નગરપાલિકા"માં કોઇપણ જાહેર કરેલ વિસ્તાર માટે ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૨૬૪ ખ ની પેટા કલમ (૧)ના ખંડ (ગ) હેઠળ નિમાયેલ વ્યકિત અથવા સીમતિનો સમાવેશ થાય છે.**

**(દ) ""ઠરાવેલું" એટલે નિયમોથી ઠરાવેલું.**

**(ધ) “પ્રમુખ" એટલે પરિષદના પ્રમુખ**

**(ન) “જાહેર ગ્રંથાલય" એટલે**

(૧) રાજયના જાહેર ગ્રંથાલય પધ્ધતિ મુજબનું ગ્રંથાલય

(૨) કલમ ૨૦ હેઠળ નિયામકે માન્ય કરેલ ગ્રંથાલય

(૩) આ અધિનિયમના હેતુઓ માટે રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, જાહેર ગ્રંથાલય તરીકે જાહેર કરે તેવું બીજું કોઇપણ ગ્રંથાલય.
(૪) **“જાહેર ગ્રંથાલય પધ્ધતિ"** એટલે રાજયમાં, ઉપલા સ્તરે રાજય મધ્યસ્થ ગ્રંથાલય અને નીચલા સ્તરે ગ્રામ ગ્રંથાલયો સાથેનું જાહેર ગ્રંથાલયોનું માળખું

**(બ) “સંબંધિત સ્થાનિક સત્તામંડળ કાયદો" એટલે -**
(૧) મ્યુનિસિપલ કોર્પોરેશનના સંબંધમાં, મુંબઇ પ્રોવિશયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯

(૨) નગરપાલિકાના સંબંધમાં, ગુજરાત નગરપાલિકા અધિનિયમ - ૧૯૬૩

(૩) જિલ્લા પંચાયતના સંબંધમાં, ગુજરાત પંચાયત અધિનિયમ - ૧૯૬૩

(૪) કેન્ટોનમેન્ટના સંબંધમાં, કેન્ટોનમેન્ટ અધિનિયમ – ૧૯૨૪

**(ભ) “નિયમો" અથવા “વિનિયમો" એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમો અથવા વિનિયમો**

**(મ) “રાજય" એટલે ગુજરાત રાજય**

**(ય) “તાલુકો" એટલે મહેસૂલી તાલુકો**

**(૨) “વર્ષ" એટલે નાણાંકીય વર્ષ**

# પ્રકરણ - ૨

# રાજય ગ્રંથાલય વિકાસ પરિષદ

૩. (૧) આ અધિનિયમના આરંભ પછી, જેમ બને તેમ જલ્દી, રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામા ધ્વારા, આ અધિનિયમના હેતુઓ માટે જાહેરનામામાં નિર્દેષ્ટ કરવામાં આવે તેવી તારીખથી અમોમાં આવે તે રીતે, **“ગુજરાત રાજય ગ્રંથાલય પરિષદ"એ** નામે ઓળખાળી પરિષદની રચના કરશે.

**(૨) પરિષદ નીચેના સભ્યોની બનશે.**

(૧) ગુજરાત રાજયના ગ્રંથાલયોનો હવાલો ધરાવતા મંત્રી, જેઓ હોદ્ાની રૂએ પરિષદના પ્રમુખ  રહેશે.

(૨) ગ્રંથાલયોનો હવાલો ધરાવતા ગુજરાત સરકારના સચિવ

(૩) ગુજરાત વિધાનસભાએ પોતાના સભ્યોમાંથી નિયુકત કરવાના બે સભ્યો

(૪) તમામ જિલ્લા શિક્ષણ સમિતિઓના અધ્યક્ષોમાંથી રાજય સરકારે નિયુકત કરવાના બે સભ્યો

(૫) તમામ નગરપાલિકા શાળા મંડળના અધ્યક્ષોમાંથી રાજય સરકારે નિયુકત કરવાના બે સભ્યો

(૬) રાજય સરકારે નિયુકત કરવાના જાહેર ગ્રંથાલય સંઘોના એક પ્રતિનિધિ

(૭) મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ- ૧૮૬૦ અથવા મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ-૧૯૫૦ અથવા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ હેઠળ રજિસ્ટર થયેલ સ્વૈચ્છિક એજન્સીઓ ધ્વારા ચલાવવામાં આવતા જાહેર ગ્રંથાલયોમાંથી ઠરાવવામાં આવે તેવી રીતે તેમનામાંથી ચૂંટવાના ત્રણ પ્રતિનિધિઓ.

(૮) ઉચ્ચતર શિક્ષણના ક્ષેત્રમાં ઓછામાં ઓછા દસ વર્ષનો અનુભવ ધરાવતા નામાંકિત શિક્ષણશાસ્ત્રીઓમાંથી રાજય સરકારે નિયુકત કરવાની બે વ્યકિતઓ

(૯) અનુક્રમે ગ્રંથાલય સેવા અને ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનમાં વિશિષ્ટજ્ઞાન અને અનુભવ ધરાવતી વ્યકિતઓમાંથી રાજય સરકારે નિયુકત કરવાની બે વ્યકિતઓ

(૧૦) રાજય મધ્યસ્થ ગ્રંથાલયનો હવાલો ધરાવતા અધિકારી

(૧૧) ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ

(૧૨) ગુજરાતી  સાહિત્ય પરિષદના અધ્યક્ષ

(૧૩) મુખ્યત્વે પુસ્તકોના પ્રકાશનની પ્રવૃત્તિ હાથ ધરતા રજિસ્ટર થયેલ સાર્વજનિક ટ્રસ્ટોમાંથી રાજય સરકારે નિયુકત કરવાનો એક પ્રતિનિધિ

(૧૪) પરિષદે કો-ઓપ્ટ કરવાનો એક વ્યકિત

(૧૫) જાહેર ગ્રંથાલયોના નિયામક જેઓ પિરષદના સચિવ રહેશે.

**(૩) રાજય સરકારે પરિષદના સભ્યોમાંથી એક સભ્યને ઉપપ્રમુખ તરીકે નીમવા જોઇશે.**

**(૪) પરિષદના પ્રમુખની સત્તા, ફરજો અને કાર્યો ઠરાવવામાં આવે તેવા રહેશે.**

૪. પરિક્ષદનું મુખ્ય મથક ગાંધીનગર અથવા રાજય સરકાર રાજપત્રમાં જાહેરનામાથી નિર્દેષ્ટ કરે તેવા બીજા સ્થળે રહેશે.
૫. પરિષદની સત્તા અને કાર્યો નીચે મુજબના રહેશે.

(૧) આ અધિનિયમ અને નિયમોના અમલ સાથે સંકળાયેલા તમામ બાબતોના સંબંધમાં, પોતાને કરેલ રેફરન્સ
(૬) જાહેર ગ્રંથાલયોના તંત્રની સુધારણા માટે લેવાના પગલાં સંબંધી રાજય સરકારે ભલામણો કરવી.
(૭) જાહેર ગ્રંથાલયોને જાહેર ગ્રંથાલય એસોસિએશનને અનુદાન-સહાય અથવા બીજી નાણાંકીય મદદના હેતુ માટે લાયકાના માપદંડ તરીકે કામગીરીના ધોરણો અને માપદંડ સુચવવા.
(૮) અનુદાન સહાયનું પ્રમાણ નકકી કરવા માટે યોજના સૂચવવી.

(૯) અનુદાન સહાય સિવાયની નાણાંકીય મદદ માટેના ઉદેશો અને હેતુઓ અંગે રાજય સરકારને સલાહ આપવી અને એવી

મદદ માટે પુર્ણ કરવાની બોલીઓ અને શરતો નકકી કરવી.

(૧૦) ગ્રંથાલયો માટેની વાર્ષિક વિકાસ યોજના માટે સૂચનો અને ભલામણો ઠરાવવી.

(૧૧) ગ્રંથાલયના પરિસંવાદ, બેઠકો અને સંમેલનો ગોઠવવા અને તેનું સંચાલન કરવું.

(૧૨) રાજય સરકારે વખતો વખત બહાર પાડેલ માર્ગદર્શિકા અનુસાર ગ્રંથાલય સેવાઓ ક્ષેત્રે એકત્રિત કાર્યક્રમો તૈયાર કરવો.
(૧૩) રાજયમાં કાર્યક્ષમ ગ્રંથાલય સેવાના સંગઠન અને ઉતેજન માટે સૂચન કરવું.

(૧૪) નાણાં ઉભા કરવા માટે અને ગ્રંથાલય સેવાના ઉત્તેજન માટે સૂચન કરવા

(૧૫) રાજયમાં ગ્રંથાલય સેવાની સુધારણા માટે લાંબા ગાળા અને ટૂંકા ગાળાની યોજનાઓ તૈયાર કરવી.
(૧૬) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલ નિયમોથી અથવા તે હેઠળ પોતાને મળેલી અથવા પોતાને સોંપાયેલી હોય એવી સતતા વાપરવી અને એવા કાર્યો બજાવવા.
૬. (૧) પરિષદના દરેક સભ્ય, રાજય સરકારની મરજી હોય ત્યાં સુધી હોદ્દો ધરાવશે.
(૨) જયારે કોઇ સભ્ય, તે જે રીતે નિયુકિત થયેલ અથવા ચૂંટાયેલ હતો તે રીતે જગા ધરાવતો બંધ થાય ત્યારે તે પરિષદનો સભ્ય હોતો બંધ થશે.
૭. પરિષદના નિયુકત થયેલ અથવા ચૂંટાયેલા સભ્યોની હોદ્દાની જગા મૃત્યુ, રાજીનામાના કારણોસર અથવા અન્યથા ખાલી પડે, તો તે તેટલી જલદી, નિયુકિત અથવા યથાપ્રસંગ, ચૂંટણીથી ભરવી જોઇએ.
૮. (૧) પરિષદની બેઠક, વિનિયમોમાં જોગવાઇ કરવામાં આવે તેવી તારીખોએ, તેવા સમયે અને સ્થળે મળશે અને પોતાની બેઠકમાં (આવી બેઠકમાં કોરમ સહીત) કામકાજના સંબંધમાં કાર્યરીતિના નિયમોનું પાલન કરવું જોઇશે. પરંતું પરિષદ ઓછામાં ઓછું બે વખત મળશે, પણ બે લાગલગાટ બેઠકો વચ્ચે છ મહિનાનો ગાળો હોવો જોઇશે નહિ.
(૨) પરિષદના પ્રમુખ, જયારે જયારે પોતાને યોગ્ય લાગે ત્યારે પરિષદની બેઠક બોલાવી શકશે અને પરિષદના કુલ સભ્યોના ઓછામાં ઓછા એક તૃતીયાંશ જેટલા સભ્યોની લેખિત વિનંતીથી, આવી વિનંતી મળ્યા પછી ત્રીસ દિવસથી મોડી નહી તેવી તારીખે પરિષદની ખાસ બેઠક બોલાવશે.

- પરંતું, પરિષદની છેલ્લી બેઠકની તારીખથી બે મહિનાની મુદતની અંદર ખાસ બેઠકની માગણી કરી શકાશે નહી.

(૩) પરિષદની દરેક બેઠકનું અધ્યક્ષસ્થાન, પ્રમુખ અને તેમની ગેરહાજરીમાં ઉપપ્રમુખે અને તે બંનેની ગેરહાજરીમાં બેઠકમાં પરિષદના હાજર સભ્યોએ પોતાનામાંથી પસંદ કરેલ પરિષદના હોદ્દાની રૂએના સભ્યો સિવાયના બીજા કોઇપણ સભ્યે લેવું જોઇશે.

૯. પરિષદ, વિનિયમોથી જોગવાઇ કરવામા આવે તેવા કાર્યો બજાવવા માટે તેટલા સભ્યોની બનેલી તેવી સમિતિઓની રચના કશી શકશે.
૧૦. પરિષદ અથવા તેની સમિતિના સભ્યોને, આ અધિનિયમ હેઠળ પોતાની ફરજોની બજવણી માટે ઠરાવવામાં આવે તેવા દરે તેવા ભથ્થાં ચૂકવવા જોઇશે.

## પ્રકરણ - ૩

## જાહેર ગ્રંથાલયોના નિયામક

૧૧. આ અધિનિયમના હેતુઓ માટે, ગ્રંથાલયોના વિધમાન નિયામક, જાહેર ગ્રંથાલયોના નિયામક તરીકે રહેશે.
૧૨. (૧) રાજય સરકારને દેખરેખ, આદેશ અન નિયંત્રણને આધીન રહીને, નિયામક, આ અધિનિયમના વહીવટ માટે જવાબદાર રહેશે.

(૨) ખાસ કરીને અને પેટા-કલમ(૧)માં જણાવેલી જોગવાઇઓની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, નિયામક, નીચેની ફરજો અને કાર્યો બજાવશે.

(ક) જાહેર ગ્રંથાલયો સંબંધી તમામ બાબતોની દેખરેખ રાખવી.

(ખ) જાહેર ગ્રંથાલયોની સ્થાપના અને વિકાસને ઉત્તેજન આપવું.

(ગ) જાહેર ગ્રંથાલયના આયોજન, જાળવણી, ઉત્તેજન અને વિકાસ, જાહેર ગ્રંથાલય પધ્ધતિની સંગઠન માટે જવાબદાર રહેશે.

(ધ) ગ્રંથાલય સેવા અને ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના તાલીમ અભ્યાસક્રમો ચલાવતી કોઇપણ સંસ્થા અથવા સેવાને માન્યતા આપવી અને જાહેર ગ્રંથાલયના સ્ટફાની અને બીજી વ્યકિતઓની તાલીમ માટે કાર્યક્રમ ગોઠવવા.

(ચ) માન્ય ગ્રંથાલયોનું રજિસ્ટર જાળવવું અને આવા ગ્રંથાલયોના નામ અને સરનામા પ્રસિધ્ધ કરવા.

(છ) રાજય ગ્રંથાલય વિકાસ ફંડનો વહીવટ કરવો અને હિસાબો જાળવવા અને તેનો યોગ્ય ઉપયોગ સુનિતિ કરવો.

(જ) જાહેર ગ્રંથાલયોમાં જૂના અને દુર્લભ પુસ્તકો, હસ્તપ્રતો અને શૈક્ષણિક મૂલ્ય ધરાવતા બીજા દસ્તાવેજોનો સંગ્રહ કરવા અને જાળવવા માટે વ્યવસ્થા કરવી.

(ઝ) જાહેર ગ્રંથાલયો અને જાહેર ગ્ંાથલય સંઘનું નિરીક્ષણ કરવું અને તેને સલાહકાર સેવા આપવી.

(ટ) સરકારે મંજૂર કરેલ પરિષદની ભલામણોનુ અમલીકરણ કરવું.

(ઠ) જાહેર ગ્રંથાલયો, જાહેર ગ્રંથાલય સંઘ અને માન્ય તાલીમ સંસ્થાઓને અનુદાન સહાય અને બીજીનાણાકીય મદદ માટેની યોજનાઓ અને નિયમો અને વિનિયમોનો અમલ કરવો અને આ અર્થે વખતોવખત કરેલ યોજના, નિયમો અને માર્ગદર્શિકાઓ અનુસાર તેવી રકમો મંજૂર કરવી અને ચૂકવવી.

(ડ) કલમ-૨૪ હેઠળ ફરમાવ્યા પ્રમાણે અહેવાલ તૈયાર કરવો અને સાદર કરવો.

(ઢ) આ અધિનિયમ અને નિયમોથી અથવા તે હેઠળ મળેલ હોય તેવી બીજી સત્તા વાપરવી અને આદેશ હોય તેવા બીજા કાર્યો અને ફરજો બજાવવા.

## પ્રકરણ - ૪

## જાહેર ગ્રંથાલય પધ્ધતિ

૧૩. આવા નિયમોને આધીન રહીને, રાજય સરકાર, હુકમથી એક અથવા તેથી વધુ ગ્રંથાલયોને રાજય મધ્યસ્થ ગ્રંથાલય તરીકે મુકરર કરી શકશે અને જિલ્લા માટે ગ્રંથાલય અને તાલુકા માટે તાલુકા ગ્રંથાલય સ્થાપી શકશે.

૧૪.(૧) રાજય સરકાર જિલ્લા મુખ્ય મથકે એક જિલ્લા ગ્રંથાલયની અને તાલુકા મુખ્ય મથકે અથવા આવા તાલુકાના બીજા

કોઇ સ્થળે તાલુકા ગ્રંથાલય સ્થાપી અને નિભાવી શકશે.

(૨) આવા દરેક જિલ્લા ગ્રંથાલય અને તાલુકા ગ્રંથાલયના સંચાલન, સંગઠન અને વિકાસ નિયામક ધ્વારા થશે.

૧૫. (૧) નિયામક, દરેક જિલ્લા માટે જિલ્લા ગ્રંથાલય સલાહકાર સમિતિની રચના કરશેપ જે નીચેના સભ્યોની બનશે.

(અ) જિલ્લાના કલેકરટ, જેઓ હોદ્ ાની રૂએ સમિતિના અધ્યક્ષ ગણાશે

(બ) જિલ્લા જાહેર ગ્રંથાલય સંધના એક પ્રતિનિધિ

(ક) ગ્રંથાલય સેવા અથવા ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના એક નિષ્ણાંત

(ખ) જિલ્લામાંની કોલેજના એક આચાર્ય

(ગ) જિલ્લામાંની માધ્યમિક શાળાના અથવા ઉચ્ચતર માધ્યમિક શાળાના એક આચાર્ય અથવા હેડ- માસ્તર

(ધ) જિલ્લનામાંની પ્રાથમિક શાળાના એક હેડ-માસ્તર

(ચ) જિલ્લામાંની સ્વૈચ્છિક એજન્સીઓ ધ્વારા ચલાવતા જાહેર ગ્ર ાથલયોના એક પ્રતિનિધિ

(છ) જિલ્લામાંની એક મહિલા ગ્રંથપાલ

(જ) જિલ્લાનો હવાલો ધરાવતા જાહેર ગ્રંથાલયોના મદદનીશ નિયામક

(ઝ) જિલ્લા ગ્રંથાલયના ગ્રંથપાલ જેઓ સમિતિના સચિવ તરીકે કાર્ય કરશે.

(૨). નિયામક, દરેક તાલુકા માટે તાલુકા ગ્રંથાલય સલાહકાર સમિતિ રચશે, જે નીચેના સભ્યોની બનશે.

(૧) સંબંધિત તાલુકા મામલતદાર જેઓ હોદ્ ાની રૂએ સમિતિના અધ્યક્ષ ગણાશે.

(૨) જિલ્લાના જાહેર ગ્ર ાથલય સંધના એક પ્રતિનિધિ

(૩) ગ્રંથાલય સેવાઓ અથવા ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના એક નિષ્ણાંત

(૪) તાલુકામાંની કોલેજના આચાર્ય જો કોઇ હોય તો

(૫) તાલુકામાંની હાઇસ્કૂલના એક હેડ-માસ્તર

(૬) તાલુકામાંની પ્રાથમિક શાળાના એક હેડ-માસ્તર

(૭) તાલુકામાંની એક મહિલા ગ્રંથપાલ જો હોય તો

(૮) તાલુકામાંની સ્વૈચ્છિક એજન્સીઓ ધ્વારા ચલાવાતા જાહેર ગ્રંથાલયોના એક પ્રતિનિધિ

(૯) તાલુકા ગ્રંથાલયના ગ્રંથપાલ જેઓ સમિતિના સચિવ તરીકે કાર્ય કરશે.

૧૬. જિલ્લા ગ્રંથાલય સલાહકાર સમિતિઓ અને તાલુકા ગ્રંથાલય સલાહકાર સમિતિઓના કાર્યો ઠરાવવામાં આવે તેવા રહેશે.

## પ્રકરણ - ૫

## જાહેર ગ્રંથાલય માટે નાણા

૧૭. (૧) નિયામક દરેક વર્ષે જાહેર ગ્રંથાલય નિયામકની કચેરીના આયોજિત અને બિન-આયોજિત ખર્ચ માટે વાર્ષિક અંદાજપત્રીય દરખાસ્તો તૈયાર કરશે અને તેને રાજય સરકાર સમક્ષ રજૂ કરશે.

(૨) નિયામકે એવી રીતે મંજૂર થયેલ ગ્રાન્ટનો નીચેના હેતુઓ માટેના ખર્ચને પહોંચી વળવા માટે ઉપયોગ કરવો જોઇશે.

(ક) આ અધિનિયમ અને નિયમોના હેતુઓ પાર પાડવા માટે

(ખ) રાજયમાં નવા જાહેર ગ્રંથાલયો સ્થાપવા માટે

(ગ) રાજયમાં જાહેર ગ્રંથાલયોના નિભાવ અને વિકાસ માટે

(ધ) ગ્રંથાલય સેવાઓ અને ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના તાલીમ અભ્યાસક્રમો હાથ ધરતા જાહેર ગ્રંથાલયો, જાહેર ગ્રંથાલય સંધો અને માન્ય સંસ્થાઓને અનુદાન સહાય એન બીજી નાણાકીય સહાયની ચુકવણી કરવા માટે

(ચ) ઠરાવવામાં આવે તેવા બીજા હેતુઓ માટે

૧૮. (૧) રાજયમાં જાહેર ગ્રંથાલયોના આધુનિકરણ અને વિકાસ માટે રાજય ગ્રંથાલય વિકાસ ફંડએ નામથી ઓળખાતું એક ફંડ રહેશે.

(૨) રાજય ગ્રંથfલય વિકાસ ફંડ નીચેનાનું બનેલું રહેશે.

(ક) કલમ-૧૭ની પેટા કલમ(૨)માં નિર્દેષ્ટ કરેલ ગ્રાન્ટ સિવાયની રાજય સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ

(ખ) જાહેર ગ્રંથાલયોના આધુનિકીકરણ અને વિકાસ માટે કેન્દ્ર સરકાર તરફથી મળેલ કોઇ ફાળો અથવા ખાસ ગ્રાન્ટ

(ગ) જાહેર ગ્રંથાલયોના આધુનિકીકરણ અને વિકાસ માટે જાહેર જનતા અથવા બીજી કોઇપણ એજન્સી ધ્વારા મળે ફાળા અથવા દાનના તમામ નાણા

(૩) નિયામકે પરિષદ સાથે વિચાર વિનિમય કરીને રાજય ગ્રંથાલય વિકાસ ફંડના નાણાનો ઉપયોગ નીચેના હેતુઓ માટે ખર્ચને પહોંચી વળવા માટે કરવો જોઇએ.

(ક) રાજયમાં જાહેર ગ્રંથાલયોના આધુનિકીકરણ અને વિકાસ માટે

(ખ) કલમ-૧૦ હેઠળ પરિક્ષદના સભ્યોને ભથ્થાંની ચુકવણી માટે

(ગ) ઠરાવવામાં આવે તેવા બીજા હેતુઓ માટે

૧૯. રાજય ધ્વારા સ્થપાયેલ અને નિભાવતા કોઇ જાહેર ગ્રંથાલયના હેતુ માટે ધરાવેલી અથવા સંપાદિત કરેલી તમામ સ્થાવર અને જંગમ મિલકત, રાજય સરકારમાં નિહિત થશે.

## પ્રકરણ -૬

## જાહેર ગ્રંથાલયો અને જાહેર ગ્રંથાલય સંઘોની માન્યતા બાબત

૨૦. નિયામક આ અર્થે કરેલા રાજય સરકારના નિયમો અનુસાર અને કોઇપણ સામાન્ય અથવા ખાસ હુકમોને આધીન રહીને, મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ - ૧૮૬૦ હેઠળ અથવા મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - ૧૯૫૦ હેઠળ અથવા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ - ૧૯૬૧ હેઠળ માન્ય સ્વૈચ્છિક એજન્સીઓ ધ્વારા ચલાવતા રજિસ્ટ્રર થયેલા કોઇપણ ગ્રંથાલયને અથવા સ્થાનિક સતતામંડળ ધ્વારા ચલાવતા કોઇપણ ગ્રંથાલયને અનુદાન સહાયની ચુકવણી કરવા અથવા બીજી નાણાકીય સહાયતા કરવાના હેતુ માટે જાહેર ગ્રંથાલય તરીકે જાહેર જનતાના ઉપયોગ માટે મુકત ગ્રંથાલય તરીકે માન્યતા આપશે.

૨૧. રાજયમાં ગ્રંથાલય પ્રવૃતિને પ્રોત્સાહન આપવા માટે નિયામક, નિયમો અનુસાર, મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ ૧૮૬૦ અથવા મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ ૧૯૫૦ અથવા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ હેઠળ રજિસ્ટ્રર થયેલ રાજયમાંના કોઇપણ જાહેર ગ્રંથાલય સંઘને અનુદાન સંઘ સહાયની ચૂકવણી કરવા અથવા બીજી નાણાકીય સહાય કરવાના હેતુ માટે જાહેર ગ્રંથાલય સંઘને માન્યતા આપશે.

## પ્રકરણ - ૭

## અહેવાલ અને પત્રકો

૨૨. જાહેર ગ્રંથાલયની વ્યવસ્થાનો હવાલો ધરાવતી દરેક વ્યકિતએ અને જાહેર ગ્રંથાલય સંઘનો હવાલો ધરાવતી દરેક વ્યકિતએ, નિયામક, વખતોવખત ફરમાવે તેવા અહેવાલો અને પત્રકો, નિયામકને અથવા આ અર્થે તે અધિકૃત કરે તેવી કોઇ વ્યકિતને મોકલવા જોઇશે અને તેવી માહિતી પૂરી પાડવી જોઇશે.

૨૩. નિયામકને અથવા આ અર્થે તે અધિકૃત કરે તેવા અધિકારીને આ અધિનિયમની જોગવાઇ અને તે હેઠળ કરેલા નિયમોનો અમલ થાય છે તેવી પોતે ખાતરી કરવાના હેતુ માટે જાહેર ગ્રંથાલયો અને જાહેર ગ્રંથાલય સંઘ અથવા તેની સાથે જોડાયેલી કોઇ સંસ્થા અથવા નાણાકીય સહાય મેળવતી ગ્રંથાલય સેવા અને ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના તાલીમ અભ્યાસક્રમલ ચલાવતી કોઇ સંસ્થાનું નિરીક્ષણ કરવાની સતતા રહેશે.

૨૪. દરેક વર્ષના અંતથી છ મહિનાની અંદર નિયામકે તે વર્ષમાં જાહેર ગ્રંથાલયો અને જાહેર ગ્રંથાલયો અને જાહેર ગ્રંથાલય સંઘના કામકાજ અને વહીવટને અંતે અને તેણે કરેલી પ્રગતિ અંગે તેમાં ઠરાવવામાં અવો તેવી માહિતી અને વિગતો સીહત વાર્ષિક અહેવાલ તૈયાર કરવો જોઇશે અને રાજય સરકારને તે રજૂ કરવો જોઇશે.

# પ્રકરણ -૮

# પ્રકીર્ણ

૨૫. પરિષદના તમામ સભ્યો આ અધિનિયમની અથવા તે હેઠળ કરાયેલ કોઇ નિયમો અથવા વિનિયમોની જોગવાઇઓ અનુસાર કાર્ય કરતા હોય અથવા તેમ કરતાં હોવાનું અભિપ્રેત હોય ત્યારે, ભારતના ફોજદારી અધિનિયમની કલમ - ૨૧ના અર્થ મુજબ રાજય સેવક છે તેમ ગણાશે.

૨૬. આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઇ નિયમો અથવા વિનિયમોની જોગવાઇઓ અનુસાર શુધ્ધબુધ્ધિથી કરેલ અથવા કરવા ધારેલ કોઇ કાર્ય માટે પરિષદ અથવા કોઇપણ સભ્ય અને અધિકારી અથવા કર્મચારી સામે કોઇ દાવો, ફોજદારી કાર્યવાહી અથવા બીજી કાનૂની કાર્યવાહી થઇ શકશે નહિ.

૨૭. પરિષદ અથવા તે પેઢીના કોઇપણ સમિતિનું કાર્ય અથવા કાર્યવાહી

(ક) તેમાંની કોઇ ખાલી જગા અથવા તેની રચનામાં કોઇ ખામી અથવા

(ખ) તેની કાર્યરીતિમાં, કેસની ગુણવતાને અસર કરતી ન હોય તેવી કોઇ અનિયમિતતાના કારણે જ અમાન્ય થશે નહિ.

૨૮. (૧) રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આવા નિયમોથી નીચેની તમામ અથવા તે પૈકીની કોઇપણ બાબત માટે જોગવાઇ કરી શકાશે.

(ક) કલમ - ૩ની પેટા કલમ(૨)ના ખંડ (૭) હેઠળ જાહેર ગ્રંથાલયોમાંથી પ્રતિનિધિઓને ચૂંટવાની રીત બાબત.

(ખ) કલમ-૩ની પેટા કલમ (૪) હેઠળ પ્રમુખે બજાવવાની સત્તાઓ, ફરજો અને કાર્યો બાબત.

(ગ) કલમ -૫ના ખંડ (૨) હેઠળ રાજય ગ્રંથાલય વિકાસ ફંડમાંથી મંજૂર કરવાના ખર્ચ બાબત.

(ધ) કલમ -૫ના ખંડ (૧૬) હેઠળ પરિષદ વાપરી શકે તેવી બીજી સત્તાઓ અને બજાવી શકે તેવા કાર્યો

(ચ) કલમ- ૧૦ હેઠળ પરિષદ અને તેની સમિતિના સભ્યોને ચૂકવવાપાત્ર ભથ્થાં એન જે દરે તે ચૂકવવાપાત્ર થશે તે દર બાબત.

(છ) કલમ -૧૨ની પેટા કલમ(૨)ના ખંડ (ઢ) હેઠળ નિયામકે વાપરવાની સત્તાઓ અને બજાવવાના કાર્યો અને ફરજો બાબત.

(જ) કલમ -૧૩ હેઠળ રાજય સરકાર જેને આધીન રહીને ગ્રંથાલયને રાજય મધ્યસ્થ ગ્રંથાલય તરીકે મુકરર કરી શકે તે નિયમો બાબત.

(ઝ) કલમ ૧૬ હેઠળ જિલ્લા ગ્રંથાલય સલાહાકર સમિતિએ અને તાલુકા ગ્રંથાલય સલાહકાર સમિતિએ બજાવવાના કાર્યો બાબત.

(ટ) જે બીજા હેતુઓ માટે કલમ-૧૭ની પેટા કલમ(૨)ના ખંડ(ચ) હેઠળ મંજૂર કરેલી ગ્રાન્ટનો ઉપયોગ કરી શકાશે તે બીજા હેતુઓ બાબત.

(ઠ) કલમ ૧૮ની પેટા કલમ(૩)ના ખંડ(ગ) હેઠળ જે બીજા હેતુઓ માટે રાજય ગ્રંથાલય વિકાસ ફંડનો ઉપયોગ કરી શકાશે તે બીજા હેતુઓ બાબત.

(ડ) કલમ ૨૦ હેઠળ ગ્રંથાલયોને માન્યતા આપવા માટેના નિયમો બાબત.

(ઢ) કલમ ૨૧ હેઠળ જાહેર ગ્રંથાલય સંઘોને માન્યતા આપવા માટેના નિયમો બાબત.

(ત) કલમ ૨૪ હેઠળ વાર્ષિક અહેવાલમાં સમાવિષ્ટ કરવાની માહિતી અને વિગત બાબત.

(થ) આ અધિનિયમ હેઠળ ઠરાવવાની હોય અથવા ઠરાવી શકાય તેવી બીજી કોઇપણ બાબત.

(૩) આ કલમ હેઠળ કરેલા તમા નિયમો, તે કરવામાં આવે તે પવી બનતી ત્વરાએ ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી, રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઇશે. અને જે સત્રમાં તે નિયમો એવી રીતે મૂકવામાં આવ્યા હોય તે સત્રમાં અથવા ત્યારપછી તરત આવતા સત્રમાં રાજય વિધાનમંડળ તેમાંથી જે કંઇ રદ કરે અથવા રરાજય વિધાનમંડળ તેમાં જે કંઇ ફેરફાર કરે તેને આધીન રહેશે.

(૪) રાજય વિધાનમંડળ એવી રીતે જે કંઇ રદ કરે અથવા જે કંઇ ફેરફાર કરે તે રાજપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવશે અને તેમ થયે તે અમલમાં આવશે.

૨૯. (૧) પરિષદ, આ અધિનિયમ હેઠળ પોતાના કાર્યો સક્ષમ રીતે બજાવી શકે તે માટે, આ અધિનિયમઅને તે હેઠળ કરેલા નિયમો સાથે અસંગત ન હોય તેવા વિનિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, અવા વિનિયમોથી નીચેની તમામ અથવા કોઇ બાબત માટે જોગવાઇ કરી શકાશે.

(ક) કલમ ૮ની પેટા કલમ(૧) હેઠળ પરિષદ જે સમયે, જે તારીખે અને જે સ્થળે મળશે તે સમય, તારીખ અને સ્થળબાબત અને તેની બેઠકના તેના કામકાજના સંચાલનના  સંબંધમાં પરિષદની કાર્યરીીતના નિયમોનું પાલન કરશે તે બાબત.

(ખ) કલમ ૯ હેઠળ પરિષદ રચી શકે તેવી બીજી સમિતિ, તે સમિતિ જેટલા સભ્યોની બનશે તેની સંખ્યા અને એવી સમિતિ બજાવશે તેવા કાર્યો બાબત.

## ઉદેશો અને કારણો

સાર્વજનિક શિક્ષણના એક અસરકારક સાધન તરીકે જાહેર ગ્રંથાલયો મહત્વની ભૂમિકા ભજવી શકે તે જરૂરી છે તેને ધ્યાનમાં લઇને, રાજયમાંના જુદા જુદા વિસ્તારોમાં રાજય સરકાર, સ્થાનિક સત્તામંડળો અને બીજી રજિસ્ટર થયેલી સ્વૈચ્છિક સંસ્થાઓ ધ્વારા ચલાવાતા જાહેર ગ્રંથાલયોની સ્થાપના, જાળવણી, સંગઠન, વિકાસ અને આધુનિકીકરણ કાયદો અધિનિયમિત કરવાનું અને જાહેર ગ્રંથાલયોને લગતી જુદી જુદી બાબતોનું નિયમન કરવાનું જરૂરી જણાયું છે જેથી કરીને તેઓ લોકોને શૈક્ષણિક જિજ્ઞાસા અને માહિતી જેવી જરૂરીયાતોને વધુ સારી રીતે પૂરી પાડી શકે.

**કલમો અંગેની નીચેની નોંધો, વિધેયકની અગત્યની જોગવાઇઓ સમજાવે છે.**

**કલમ-૨** આ અકલમથી વિધેયકમાં વપરાયેલ અમુક શબ્દોની વ્યાખ્યા કરી છે.

**કલમ-૩** આ કલમની, રાજય સરકારને રાજપત્રમાં જાહેરનામાથી ગુજરાત રાજય ગ્રંથાલય વિકાસ પરિષદ તરીકે ઓળખાતી પરિષદ રચવાની સત્તા મળે છે.

**કલમ-૫** આ અલકમથી, પરિષદની સત્તા અને કાર્યોની જોગવાઇ કરી છે.

**કલમ-૬** આ કલમથી, સભ્યોના

**કલમ-૭** આ કલમથી, મૃત્યુ, રાજીનામાના અથવા અન્યથા કિસ્સામાં સભ્યોની ખાલી જગ્યાઓ ભરવા માટેની જોગવાઇ કરી છે.

**કલમ- ૮** આ કલમથી, પરિષદની બેઠકો માટેની જોગવાઇ કરી છે. તેનાથી પ્રમુખે બોલાવવાની ખાસ બેઠકોની અને પરિષદની બેઠકનું અધ્યક્ષસ્થાન લેવાની પણ જોગવાઇ કરી છે.

**કલમ-૧૧** આ કલમથી, એવી જોગવાઇ કરી છે કે ગ્રંથાલયના વિધમાન નિયામક, આ અધિનિયમના હેતુઓ માટે જાહેર ગ્રંથાલયના નિયામક ગણાશે.

**કલમ-૧૨** આ કલમથી, નિયામકે બજાવવાના જુદા જુદા કાર્યો અને ફરજોની જોગવાઇ કરી છે.

**કલમ-૧૩ અને ૧૪** આ કલમોથી, રાજય મધ્યસ્થ ગ્રંથાલય અને જિલ્લા માટે જિલ્લા ગ્રંથાલય અને તાલુકા માટે તાલુકા ગ્રંથાલયની સ્થાપના અને નિભાવ માટેની જોગવાઇ કરી છે.

**કલમ -૧૫ અને ૧૬** આ કલમોથી, જિલ્લા માટે જિલ્લા ગ્રંથાલય સલાહકાર સમિતિ અને તાલુકા માટે તાલુકા ગ્રંથાલય સલાહકાર સમિતિની રચના અને તેના કાર્યોની જોગવાઇ કરી છે.

**કલમ -૧૭** આ કલમથી, એવી જોગવાઇ કરી છે કે નિયામકે, વાર્ષિક અંદાજપત્ર તૈયાર કરવું જોઇશે અને રાજય સરકારને તે સાદર કરવું જોઇશે. સરકારે એવી રીતે મંજૂર કરેલી ગ્રાન્ટ તેમાં જણાવેલ હેતુઓ માટે ખર્ચવી જોઇશે.

**કલમ-૧૮** આ કલમથી, રાજયમાં જાહેર ગ્રંથાલયોના આધુનિકીકરણ અને વિકાસના હેતુ માટે તેમાં જણાવેલ હેતુઓ માટે રાજય ગ્રંથાલય વિકાસ ફંડની અને કાર્યોની ઉપયોગીતાની જોગવાઇ કરી છે.

**કલમ -૨૦ અને ૨૧** આ કલમોથી, અનુદાન સહાય અને બીજી નાણાકીય સહાયના હેતુઓ માટે ગ્રંથાલય તેમજ જાહેર ગ્રંથાલય સંધને નિયામક ધ્વારા માન્યતા આપવાની જોગવાઇ કરી છે.

**કલમ- ૨૨ અને ૨૩** આ કલમોથી, અમેવાલ અને પત્રકો અને બેવી બીજી માહિતી નિયામકને સાદર કરવાની જોગવાઇ કરી છે અને તેનાથી, નિયામકને જાહેર ગ્રંથાલયો, જાહેર ગ્રંથાલય સંધો અથવા બીજી સંસ્થાઓનું નિરીક્ષણ કરવાની પણ સત્તા મળે છે.

**કલમ -૨૪** આ કલમથી, એવી જોગવાઇ કરે છે કે નિયામકે, જાહેર ગ્રંથાલયોની કામગીરી અને વહીવટનો વાર્ષિક અહેવાલ તૈયાર કરવો જોઇશે અને રાજય સરકારને તે સાદર કરવો જોઇશે.

**કલમ- ૨૫** આ કલમથી, શુધ્ધ બુધ્ધિથી કરેલ કૃત્યો માટે સામાન્ય ક્ષતિપૂર્તિ માટે જોગવાઇ કરી છે.

**કલમ- ૨૭** આ કલમથી, એવી જોગવાઇ કરી છે કે પરિષદમાં કોઇ જગા ખાલી હોવાના અથવા તેની રચનામાં ખામી હોવાના અથવા કાર્યરીતિમાં કોઇ અનિયમિતા હોવાના કારણમાત્રથી પરિષદનું કોઇ કાર્ય કે કાર્યવાહી અમાન્ય ગણાશે.

**કલમ- ૨૮** આ કલમથી, રાજય સરકારને સામાન્ય રીતે અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે અને ખાસ કરીને આ કલમની પેટા કલમ(૨)માં નિર્દિષ્ટ કરેલ બાબતોના સંબંધમાં નિયમો કરવાની સત્તા મળે છે.

**કલમ- ૨૯** આ કલમથી, પરિષદને આ અધિનિયમ હેઠળના પોતાના કાર્યો બજાવવા માટે અને ખાસ કરીને આ કલમની પેટા કલમ(૨)માં નિર્દિષ્ટ કરેલ બાબતોના સંબંધમાં વિનિયમો કરવાની સત્તા મળે છે. આ વિધેયકથી, ઉપર્યુકત ઉદેશો સિધ્ધ કરવા ધાર્યુ છે.

## નાણાકીય યાદી

વિધેયકની કલમ-૧૧થી જાહેર ગ્રંથાલયના નિયામકની નિમણુંક માટે જોગવાઇ કરેલ છે. વિધમાન ગ્રંથાલય નિયામક, જાહેર ગ્રંથાલયોના નિયામક તરીકે કાર્ય કરશે અને તેમની હેઠળના અધિકારીઓ અને કર્મચારી જાહેર ગ્રંથાલયનો નિયામક હેઠળના અધિકારી અને કર્મચારીઓ તરીકેનું કાર્ય કરવાનું ચાલુ રાખશે. અધિનિયમના હેતુઓ માટે વિધમાન નિયામક, અધિકારીઓ અને કર્મચારીઓને તેવી રીતે નીમવાના હોઇ, આ વિધેયક અધિનિયમિત કરવામા આવે અને અમલમાં લાવવામાં આવે તો, તેમાં રાજયના એકત્રિત ફંડમાંથી કોઇ વધારાનો ખર્ચ થશે નહિ.

## ધારાકીય સત્તા સૌંપવાની યાદી

આ વિધેયકમાં નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે. –

કલમ -૧ આ કલમની પેટા-કલમ (૩)થી, રાજય સરકારને, જે તારીખે અધિનિયમ અમલમાં આવશે તે તારીખ રાજપત્રમાં જાહેરનામાથી નકકી કરવાની સત્તા મળે છે.

કલમ -૨ આલકમની પેટા-કલમ (૫)ની બાબત(૩)થી, રાજય સરકારને રાજપત્રમાં જાહેરનામાથી કોઇપણ ગ્રંથાલયને જાહેરગ્રંથાલય તરીકે જાહેર કરવાની સત્તા મળે છે.

કલમ -૩ (૧) આ કલમની પેટા-કલમ(૧)થી, રાજય સરકારને રાજપત્રમાં જાહેરનામાથી, જાહેરનામામાં નિર્દિષ્ટ કરે તેવી તારીખથી અમલમાં આવે તેમ ગુજરાત રાજય ગ્રંથાલય વિકાસ પરિષદ નામે ઓળખાતી પીરષદની રચના કરવાની સતતા મળે છે.

(૨) આ કલમની પેટા-કલમ(૪)થી, રાજય સરકારને પીરષદના પ્રમુખની સત્તા, ફરજો અને કાર્યો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ-૪ આ કલમથી, રાજય સરકારને રાજપત્રમાં જાહેરનામાથી, પીરષદના મુખ્ય મથક માટે બીજુ કોઇપણ સ્થળ નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

કલમ-૫ (૧) આ કલમની પેટા-કલમ(૨)થી, રાજય સરાકરને, રાજય ગ્રંથાલય વિકાસ ફંડમાંથી મંજૂર કરવાના ખર્ચ નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

(૨) આ કલમની પેટા-કલમ(૧૬)થી, રાજય સરાકરને, પરિષદે બજાવવાની સત્તા અને કાર્યો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

(૩) આ કલમની પેટા-કલમ(૧૨)થી, રાજય સરાકરને, નિયામકે, બજાવવાના બીજા કાર્યો અને ફરજો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કમલ-૧૩ આ કલમથી, રાજય સરકારને હુકમથી, એક અથાવ તેથી વધુ ગ્રંથાલયોને રાજય મધ્યસ્થ ગ્રંથાલય તરીકે મુકરર કરવાની સત્તા મળે છે.

કલમ -૧૬ આ કલમથી, રાજયને જિલ્લા એન તાલુકા ગ્રંથાલય સલાહકાર સ્મિતિઓને બજાવવાના કાર્યો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ-૧૭ આ કલમની પેટા-કલમ (૨)ની બાબત (ચ)થી, રાજય સરકારને બીજા હેતુ માટે મંજૂર થયેલી ગ્રાન્ટનો નિયામક ઉપયોગ કરી શકે તેવા બીજા હેતુઓ, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ-૧૮ આ કલમની પેટા-કલમ (૩)ની બાબત(ગ)થી, રાજય સરારને રાજય ગ્રંથાલય વિકાસ ફંડમાંના નાણ જે હેતુઓ માટે ઉપયોગ કરી શકાય તેવા બીજા હેતુઓ, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ-૨૦ આ કલમથી, રાજય સરકારને જેને આધીન રહીને નિયમક કોઇ ગ્રંથાલયને જાહેર ગ્રંથાલય તરીકે માન્યતા આપી શકશે તે શરતો નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ-૨૧ આ કલમથી, રાજય સરકારને અનુદાન સહાય અથાવ બીજી નાણાંકીય સહાયની ચુકવણીના હેતુઓ માટે જાહેર ગ્રંથાલય સંઘની માન્યતા નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ-૨૪ આ કલમથી, રાજય સરકારને, નિયામકે તૈયાર કરવાના તેમના વાર્ષિક અહેવાલમાં સમાવિષ્ટ કરવાની માહિતી અને વિગતો નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ-૨૮ આ કલમથી, રાજય સરકારને અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે અને ખાસ કરીને પેટા-કલમ(૨)માં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા તે પૈકીની કોઇ બાબત માટે રાજપત્રમાં, જાહેરનામાથી નિયમો કરવાની સત્તા મળે છે.

કલમ-૨૯ આ કલમથી પરિષદને, અધિનિયમ હેઠળ તેના કાર્યો બજાવવા માટે અને ખાસ કરીને પેટા-કલમ(૨)માં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા તે પૈકીની કોઇ બાબત માટે નિયમો કરવાની સત્તા મળે છે. ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ - ૨૯મી ઓગષ્ટ, ૨૦૦૧

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. એમ. કોઠારે,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ